# Visit of Vice President of India to Gabon, Senegal and Qatar (May 30-June 07, 2022)

May 26, 2022

## ભારતના ઉપરાષ્ટ્રપતિની ગેબોન, સેનેગલ અને કતારની મુલાકાત (મે 30-જૂન 07, 2022)

26 મે, 2022

1. ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ 30 મે થી 07 જૂન 2022 દરમિયાન ગેબોન, સેનેગલ અને કતારની મુલાકાત લેશે. તેમની સાથે આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી ડૉ. ભારતી પ્રવિણ પવાર અને ત્રણ સંસદસભ્યો સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે જેમાં, શ્રી સુશીલ કુમાર મોદી (રાજ્યસભા), શ્રી વિજય પાલ સિંહ તોમર (રાજ્યસભા) અને શ્રી પી. રવિન્દ્રનાથ (લોકસભા) રહેશે.

2. ઉપરાષ્ટ્રપતિના સ્તરે ભારત તરફથી ત્રણેય દેશોની આ પ્રથમ મુલાકાત હશે. ભારત તરફથી ગેબોન અને સેનેગલની આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત પણ હશે. ગેબોન અને સેનેગલની મુલાકાતો આફ્રિકા સાથે ભારતના જોડાણને વેગ આપશે અને આફ્રિકા ખંડ માટે ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂકશે. બંને પક્ષો રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 50મી વર્ષગાંઠની ઉજવણીની તૈયારીમાં હોવાથી કતારની મુલાકાત દ્વિપક્ષીય સંબંધોને વધુ વધારશે. ત્રણેય દેશોની મુલાકાત દરમિયાન સંખ્યાબંધ દ્વિપક્ષીય દસ્તાવેજો પૂરા થવાની અપેક્ષા છે.

ગેબનની સત્તાવાર મુલાકાત (30 મે થી 01 જૂન 2022)

3. ઉપરાષ્ટ્રપતિ 30 મે થી 01 જૂન 2022 સુધી ગેબોનમાં હશે. આ મુલાકાત દરમિયાન, તેઓ ગેબનના વડા પ્રધાન કુ. રોઝ ક્રિસ્ટીયાના ઓસોઉકા રેપોન્ડા સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે.. ઉપરાષ્ટ્રપતિ ગેબનના પ્રમુખ શ્રી અલી બોંગો ઓન્ડિમ્બા સાથે મુલાકાત કરશે અને અન્ય મહાનુભાવોને મળશે. તેઓ ગેબનમાં વેપારી સમુદાય સાથે પણ વાતચીત કરશે અને ભારતીય ડાયસ્પોરાને સંબોધશે.

4. ગેબન ભારત માટે મહત્વપૂર્ણ ભાગીદાર છે. ભારત અને ગેબન બંને હાલમાં યુએનએસસીના અસ્થાયી સભ્યો તરીકે કાર્યસેવા આપી રહ્યા છે. દ્વિપક્ષીય વેપાર 2021-22માં US$ 1.12 બિલિયન સુધી પહોંચેલ હતો. સંખ્યાબંધ ગેબોનીઝ નાગરિકો ભારતીય ટેકનિકલ અને આર્થિક સહકાર અને ICCR યોજનાઓ હેઠળ ભારત દ્વારા ઓફર કરવામાં આવતી શિષ્યવૃત્તિ મેળવી રહ્યા છે /પ્રશિક્ષણ કાર્યક્રમો માં જોડાઈ જઈને તે ચાલુ રાખી રહ્યા છે.

સેનેગલની વિધિસરની મુલાકાત (01-03  જૂન 2022)

5. ઉપરાષ્ટ્રપતિ 01-03 જૂન 2022 સુધી સેનેગલમાં હશે. મુલાકાત દરમિયાન, તેઓ સેનેગલના રાષ્ટ્રપતિ શ્રી મેકી સેલ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે.. ઉપરાષ્ટ્રપતિ નેશનલ એસેમ્બલીના પ્રમુખ શ્રી મુસ્તફા નિયાસેને અને અન્ય મહાનુભાવોને મળશે. તેઓ બિઝનેસ ગોળ મેજી બેઠકમાં પણ હાજરી આપશે અને ભારતીય સમુદાયને સંબોધશે.

6. સેનેગલ આફ્રિકન યુનિયનનું વર્તમાન અધ્યક્ષ છે. ભારત-સેનેગલ દ્વિપક્ષીય વેપાર 2021-22માં US ડોલર 1.65 બિલિયન સુધી પહોંચી ગયો છે. ભારતે વિવિધ ક્ષેત્રોમાં US ડોલર 350 મિલિયનની કુલ 16 લાઈન્સ ઓફ ક્રેડિટ અને લગભગ US ડોલર 305 મિલિયનની બાયર્સ ક્રેડિટ ઓફર કરી છે. ITEC હેઠળ ભારતના સર્વ દિશા ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમો સેનેગલમાં લોકપ્રિય છે અને ભારત તથા સેનેગલ રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 60મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે.

કતારની સત્તાવાર મુલાકાત (04-07  જૂન 2022)

7. ઉપરાષ્ટ્રપતિ 04-07 જૂન 2022 સુધી કતારમાં હશે. મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ કતારના નાયબ અમીર, મહામહિમ શેખ અબ્દુલ્લા બિન હમાદ અલ થાની સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે અને દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરશે. આ મુલાકાત દરમિયાન ઉપરાષ્ટ્રપતિ કતારના અન્ય મહાનુભાવોને મળશે. તેઓ કતારમાં બિઝનેસ ગોળ મેજી બેઠકને પણ સંબોધિત કરશે. ઉપરાષ્ટ્રપતિની મુલાકાતના અવસરે એક સામુદાયિક સ્વાગત સમારોહ યોજાશે, જ્યાં તેઓ કતારમાં રહેતા વૈવિધ્યસભર ભારતીય સમુદાયના સભ્યોને સંબોધશે.

8. ભારત અને કતાર વચ્ચેના ઐતિહાસિક સંબંધોના કેન્દ્રમાં લોકોથી લોકો વચ્ચે આપસી સંપર્કો છે, અહીં 7,50,000 ભારતીયો રહે છે. બંને પક્ષો વચ્ચેના બહુમુખી સહયોગમાં આર્થિક, ઉર્જા, રોકાણ, શિક્ષણ, સંરક્ષણ અને સાંસ્કૃતિક સંબંધોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. નાણાકીય વર્ષ 2021-22માં દ્વિપક્ષીય વેપાર ડોલર 15 બિલિયનને વટાવી ગયો. કતારે છેલ્લા બે વર્ષમાં વિવિધ ભારતીય કંપનીઓમાં US ડોલર 2 બિલિયનથી વધુનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા પણ દર્શાવી છે.

નવી દિલ્હી
26 મે, 2022